* D D A - 1 9 0 1 4 1 0 1 0 1 0 1 0 9 0 1 *

**DDA-1901410101010901** Seat No. ______

# B. J. M. C. (Sem. I) (W.E.F. 2019) Examination

**August - 2022**

## Paper-9 : Elements of Translation

***(Elective Group A)***

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) બધા જ પ્રશ્નોના ગુણ સરખા છે.

(2) કોઈ પણ પાંચ પ્રશ્નોના ઉત્તર આપો.

1 નીચેના ફકરાનો ગુજરાતી અથવા હિન્દીમાં અનુવાદ કરો : **14**

Rajkot : The high-rise buildings of the city may sport a vibrant and colourful look. The Rajkot Municipal Corporation (RMC) is considering a proposal to decorate all the civic body buildings as well the private ones with paintings. Rajkot has already got a distinct identity of 'Chitranagari' and nearly 12,000 paintings dot the walls and bridges. RMC has given the work to paint a 12-storey building constructed under Pradhan Mantri Awas Yojna near Mavdi and it will be inaugurated in the next two months. This is the first building which is to be painted by the artists of an NGO 'Mission Smart City' with the theme of Gujarat's garba and Swachh Bharat mission. However, there are private high-rise commercial and residential private buildings on Kalavad road and 150 feet Ring Road, which have now become the identity of the city. There is no policy to paint these buildings with various themes. Municipal commissioner told : "We plan to move a proposal to paint such private buildings if their owners support this initiative and give us permission."

2 નીચેના ફકરાનો અંગ્રેજીમાં અનુવાદ કરો : 14

નવી દિલ્હી : પુત્રીઓને જન્મ આપવામા મોરચે છત્તીસગઢે દેશના તમામ રાજ્યોને પાછળ છોડી દીધા છે. જો કે સમૃદ્ધિના મોરચે અગ્રેસર ગણાતું ગુજરાત આ મોરચે હજું પણ ઘણું પછાત રહ્યું છે. નીતિ આયોગે વિશ્વ બેન્કના એક રિપોર્ટને પ્રસિદ્ધ કર્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, દેશના 21 મોટા રાજ્યોમાંથી ફક્ત છત્તીસગઢ અને કેરળમાં દરેક 1000 દિકરાના જન્મ સામે 950 દીકરીઓનો જન્મ થાય છે. છત્તીસગઢમાં 1000 પુત્ર સામે સૌથી વધુ 963 પુત્રીનો જન્મ થાય છે, જ્યારે હરિયાણામાં સૌથી નીચો 832 પુત્રીનો દર નોંધાયો હતો. ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં અગાઉ સેક્સ રેશિયો અનુક્રમે 950 અને 951 હતો પરંતુ તે હવે ઘટીને 948 થી 937 રહી ગયો છે. ભારત માટે સૌથી વધારે ચિંતાની બાબત એ છે કે, તમામ પ્રયાસો છતાં 12 રાજ્યોમાં સેક્સ રેશિયો ઘટ્યો છે, એટલે કે અગાઉ દિકરાની તુલનાએ જેટલી દીકરીઓ જન્મતી હતી તેની સરખામણીએ હવે ઓછી જન્મે છે. તેનું સૌથી મોટું કારણ ગર્ભપાતને માનવામાં આવે છે. દેશમાં ગર્ભમાં દિકરો છે કે દીકરી તેની તપાસ ગેરકાયદે છે, તેને અપરાધ ગણવામાં આવે છે અને પકડાય તો કડક સજાની જોગવાઈ છે. તેમ છતાં લોકો ચોરીછૂપીથી આવી તપાસ કરાવે છે અને તેને આધારે મોટા પ્રમાણમાં બાળકીઓની ગર્ભમાં જ હત્યા થાય છે. જોકે, દીકરીઓના જન્મદરમાં ઘટાડા સાથે દેશના નવ રાજ્યોમાં અગાઉની તુલનાએ દીકરીના જન્મદરમાં સુધારો નોંધાયો છે.

3 ભાષાંતરના અલગ-અલગ પ્રકારો સ્પષ્ટ થાય છે. 14

4 અનુવાદના ઈતિહાસ પર વિસ્તારથી નોંધ લખો. 14

5 સારા અનુવાદ માટેની પ્રક્રિયાની છણાવટ કરો. 14

6 સારા અનુવાદકે કઇ-કઇ લાયકાત કેળવવી જોઈએ ? જણાવો. 14

7 આજના યુગમાં અનુવાદનું મહત્વ વધ્યું છે. શા માટે ? અનુવાદનું મહત્વ વર્ણવો. 14

8 અનુવાદ માટે સામાન્ય રીતે કયા નિયમોનું પાલન કરવું જોઈએ ? ચર્ચા કરો. 14

9 ટૂંકનોંધ લખો : 14

(1) વિચાર વિસ્તરણ તરીકે અનુવાદ

(2) અનુવાદનો વિસ્તૃત અર્થ

10 ટૂંકનોંધ લખો : 14

(1) પત્રકારત્વમાં અનુવાદની અનિવાર્યતા

(2) અનુવાદ - કલા અને વિજ્ઞાનના સંદર્ભમાં.